## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




**આપણાં આ મહાન નેતા ગુજરી ન ગયા હોત તો આપણે અત્યારે સ્વચ્છતા અભિયાન કરવું ન પડત...!**

### બોરીજ નવાપરામાંથી જુગાર રમતા બે ઝડપાયા : બે ફરાર

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ બોરીજ ગામના નવા પરા ખાતે આવેલ બળીયાદેવ મંદિરના ઓટલા નજીક ખુલ્લી જગ્યામાં જુગાર રમતા બે જુગારીઓ પોલીસની રેઈડ દરમિયાન પકડાઈ ગયા છે, તો બે જુગારીઓ ભાગી છુટવામાં સફળ રહેવા પામ્યા છે. પોલીસે જુગારીઓ પાસેથી કુલ રૂ. ૧૩,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ભાગી ગયેલા જુગારીઓને પકડી પાડવા માટે કવાયત તેજ કરી છે. બોરીજ નવા પરા ખાતે ગતરોજ બપોરના સુમારે બળીયાદેવ મંદિર નજીક ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે તેવી બાતમી સેકટર-૨૧ પોલીસને મળી હતી. ખાનગી વાહનમાં સે-૨૧ વિસ્તારમાં પેટ્રોલીંગ કરતા પોલીસ જવાનો બાતમીવાળી જગ્યાએ આવી જોતા કુંડાળુ વળી કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હતા.

# જય અંબે પરિવારના આંગણે અંબાજીથી જયોતિરથનું આગમન

## ઉમિયા મંદિર ખાતે દિવ્ય જયોતિનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું ભવ્ય શોભાયાત્રા સાથે શકિતચોક ખાતે જયોતિનું સ્થાપન કરાયું

ગાંધીનગર, તા.૪

આજે ગાંધીનગરમાં ધાર્મિક-સામાજિક સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓના સંગમ સેતુ સમા સેકટર-૧૩-બી ખાતેના જય અંબે પરિવાર ટ્રસ્ટના ત્રિદશાબ્દી ભકિતવંદના મહોત્સવના આંગણે સુપ્રસિધ્ધ યાત્રાધામ આરાસુરી અંબાજી માતાજીના મંદિરેથી પવિત્ર જયોતનું આગમન થયું હતું. આ જયોતિ રથ બપોરે આશરે ૨.૩૦ કલાકે સેકટર-૧૨ ખાતેના ઉમિયા માતાજી સંસ્થાન ખાતે આવી પહોંચ્યો ત્યારે ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહા, ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ ભરતભાઈ પટેલ, ઉપપ્રમુખ ભોળાભાઈ પટેલ સહિત અગ્રણી હોદ્દેદારો અને જય અંબે પરિવારના મોભીઓએ હર્ષભર્યા હૈયે ઉષ્માભર્યું સામૈયું કર્યુ હતું. આ પ્રસંગે જય અંબે પરિવારની શ્રધ્ધાળુ મહિલાઓ સહિત સભ્યો



ગરબે ઘુમ્યા હતા અને આદ્યશકિતના ગુણગાન ગાયા હતા.

સામૈયા બાદ જયોતિ રથનું શોભાયાત્રા સાથે સે-૧૩-બી ખાતે જવા પ્રસ્થાન થયું હતું. જેમાં જય અંબે પરિવારના યુવાનો બાઈકો અને જીપો સહિતના વાહનો સાથે મહિલાઓ ગરબા રમતા રમતા જોડાયા હતા. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં જય અંબે પરિવારના સભ્યો અને હોદ્દેદારો પરિવાર સાથે તેમજ શહેરના અનેક શ્રધ્ધાળુઓ પણ જોડાયા હતા. જયોતિરથનું જય અંબે ચોક ખાતે તૈયાર કરાયેલા ભવ્ય મહોત્સવ મંડપમાં સ્થાપન કરાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે જય અંબે પરિવાર દ્વારા ત્રણ દાયકાની સફરની ઉજવણીના ભાગરૂપે ત્રિદશાબ્દી ભકિતવંદના મહોત્સવ સાથે શિવશકિત મહાયાગનું પણ આયોજન કરવામાં આવ્યું છે.



**વાદળછાયા વરસાદી વાતાવરણમાં નૂતન વર્ષની પ્રથમ પુસ્તક પરબ યોજાઈ**

દિવાળી પછી વિક્રમ સંવતના નૂતનવર્ષે પણ ચાલુ રહેલી વરસાદી સીઝનના વાદળછાયા વાતાવરણમાં આજે સવારે ઘ-૪ સર્કલ ખાતે નવેમ્બર માસની પુસ્તક પરબ યોજાઈ હતી. આકાશમાંથી વરસતા છુટાછવાયા વરસાદી છાંટા સાથે વરસાદ વરસવાના ભયના ઓથાર તળે યોજાયેલી પુસ્તક પરબમાં પણ શહેરના વાંચનપ્રેમી વાચકોએ નોંધપાત્ર સંખ્યામાં પુસ્તક પરબની મુલાકાત લીધી હતી અને પોતાને મનગમતા પુસ્તકો પ્રાપ્ત કર્યા હતા.

માતૃભાષા અભિયાન પ્રેરિત અને આત્મન ફાઉન્ડેશન સંચાલિત પુસ્તક પરબમાં વાચકોએ ૧૩૩ પુસ્તકો અને ૯૧ સામયિકો સાથે ૨૨૪ પ્રકારના પુસ્તકો વાંચવા માટે મેળવ્યા હતા જ્યારે પુસ્તક પરબને દાતાઓ તરફથી ૨૨૬ પુસ્તકો અને ૨૭૯ સામયિકો મળીને કુલ ૫૦૫ની આવક થવા પામી હતી. પુસ્તક પરબ ખાતે આજે નિવૃત્ત સનદી અધિકારી એચ.બી. વરિયા સહિત શહેરના અનેક નામી અનામી અગ્રણીઓ, સાહિત્ય સર્જકો તથા ભાવકોએ મુલાકાત લીધી હતી.

## રાયસણમાં સ્વર્ણીમ હોલ પાસે જ ગંદકીના ઢગ ખડકાયા

રાયસણમાં ગુડા દ્વારા નિર્માણ કરાયેલ સંસ્કૃતિ હોલની આસપાસ ગંદકીના થર એટલા જામી ગયા છે કે ત્યાં સફાઈના અભાવે ગામમાં રોગચાળો ઉભો થવાનો ભય ઉભો થયો છે. આ ગુડા વિસ્તારના ગામમાં સ્વચ્છતા અભિયાનના અમલીકરણમાં પણ જે ઉદાસીનતા જોવા મળી રહી છે તે માટે તંત્રમાં વારંવારની રજુઆત પછી પણ કોઈ પગલાં ન લેવાતાં ગ્રામજનોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે. તાલુકા પંચાયતના પ્રમુખનુ ગામ છે તેમજ આ જ ગામના જિલ્લા પંચાયતના સદસ્ય છે પરંતુ તંત્ર દ્વારા કોઈ જ પગલાં લેવામાં આવતા નથી. ગામની નજીક બનાવેલ આ હોલ પાસે ગંદકીમાં બગડેલા ખાદ્ય પદાર્થો તેમજ પાણીનો પણ ભરાવો થયો છે એટલુ જ નહિ આખા વિસ્તારમાં ભારે દુર્ગંધ વ્યાપી જવા પામી છે. તંત્ર દ્વારા તાકીદે પગલાં ભરવામાં આવે તેવી માંગ ગ્રામજનોએ કરી છે.

## આજે રાજ્યપાલશ્રી કોબામાં સ્વચ્છતા અભિયાન માટે જશે

રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી પહેલીવાર આજે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના પ્રવાસે આવી રહ્યા છે. તેઓ ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ કોબા ગામે સ્વચ્છતા અભિયાનમાં ભાગ લેવા માટે જઈ રહ્યા છે. તેમના આ પ્રવાસને લઈ તંત્રએ તડામાર તૈયારીઓ કરી છે. તેઓ ગામમાં ચાલતા સ્વચ્છતા અભિયાનમાં જોડાશે. એક કલાકથી પણ વધુ સમય તેઓ શ્રમદાન કરવાના છે.



શ્રી રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને ગુજરાત પ્રદેશના અધ્યક્ષ રાજ શેખાવત સામે એટ્રોસીટીની ફરીયાદ થઈ છે. આ ફરીયાદ તાત્કાલીક ધોરણે પાછી લેવામાં આવવી જોઈએ તેમ કરણી સેનાના કાર્યકરો માંગ કરી રહ્યા છે. ત્યારે ગાંધીનગર મામલતદારને આવેદન પત્ર પાઠવી આ અંગે સત્વરે યોગ્ય કરવા માટે કરણીસેનાના કાર્યકરોએ અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે મોટીસંખ્યામાં કરણીસેનાના કાર્યકરો હાજર રહ્યા

# કરાઈ કેનાલ પાસે સેલ્ફી લેવાનું ભારે પડ્યું : યુવાન ડુબ્યો

મોબાઈલ ફોનમાં સેલ્ફી લેવા જતા અમદાવાદના એક યુવાનને જીવ ખોવાનો વારો આવ્યો છે. ત્યારે કરાઈ કેનાલ પાસે ફોટો પાડતી વખતે મોબાઈલ કેનાલમાં પડી ગયો હતો, તે મોબાઈલ લેવા જતા સમયે એક યુવક કેનાલના ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતા ડુબી ગયો હતો. અમદાવાદની આઈટી કંપનીમાં કામ કરતા ત્રણ મિત્રો કેનાલ ખાતે ફરવા માટે આવ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. કેનાલમાં ડુબી ગયેલા યુવક સાથે આવેલા તેના બે મિત્રો દારૂ પીધેલી હાલતમાં હોવાથી ડભોડા પોલીસે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અમદાવાદ સ્વસ્તિક ક્રોસ માર્ગ પર આવેલ એબોકસ ટેકનોલોજીસ કંપનીમાં જોબ કરતા અમદાવાદના ત્રણ મિત્રો ગાંધીનગર કરાઈ કેનાલ પાસે ફરવા માટે આવ્યા હતા. રવિવારના રોજ સાંજના સુમારે આવેલા ત્રણેય મિત્રો મલય જયંતિલાલ જોશી (ઉં.વ.૨૩ રહે.નરોડા, ૧બીએચકે ફલેટ) અર્પણ પ્રકાશભાઈ પટેલ (ઉં.વ.૨૭ રહે.ઉત્તમનગર કૃષ્ણનગર સોસાયટી ઠક્કરબાપાનગર) તેમજ કેવલસિંહ રણજીતસિંહ રાઠોડ (ઉં.વ.૨૫ રહે.૮-૧૮ સોનીની ચાલી ઓઢવ) કેનાલ પાસે સેલ્ફી લઈ રહ્યા હતા. આ સમયે ફોન કેનાલમાં પડ્યો હતો જેને લેવા જતા મલય ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. જેથી તાત્કાલીક બહિયલના તરવૈયાને બોલાવતા તેઓએ પ્રયત્ન હાથ ધર્યા હતા.પરંતુ યુવકનો કોઈ પત્તો લાગ્યો ન હતો. સોમવારના રોજ સવારે ફરીવાર તરવૈયાઓએ શોધખોળ શરુ કરી હતી, પરંતુ મલયનો કોઈ ભાળ મળી આવી ન હતી. મોંઘોદાટ આઈ ફોન પડી જતા મલય બે મિત્રોના સહારે એકબીજાના હાથમાં હાથ નાંખીને પાણી સુધી ગયો હતો. પરંતુ અચાનક હાથ છુટી જતા તે સીધો કેનાલના પાણીમાં પડી ગયો હતો. મિત્રોએ બુમાબુમ કરતા આસપાસમાંથી નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. કેનાલમાં દોરડુ નાંખીને મલયને બચાવવા માટે પ્રયત્ન કર્યા હતા. પરંતુ તે પહેલા તે ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. યુવક ડુબી જવા અંગે પોલીસને જાણ કરાતા ડભોડા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક ઘટના સ્થળે આવી પહોચ્યો હતો. જેમાં મલય સાથે રહેલા બે મિત્રો કેવલસિંહ અને અર્પણ દારુના નાશામાં હતા. જેને પગલે ડભોડા પોલીસે બંન્ને સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધ્યો છે. જ્યારે બંન્ને મિત્રોએ પોલીસ સમક્ષ મલયે દારુ પીધો ન હોવાની કેફીયત આપી હોવાનું જાણવા મળ્યું છે. સમગ્ર કેસમાં ડભોડા પોલીસ મથકના જમાદાર વેલજીભાઈ દેસાઈએ વધુ તપાસ હાથ ધરી છે.

## ગેમીની નવી લેબોરેટરી માટે નવા રૂમ બનશે અદ્યતન સાધનો પણ ખરીદવામાં આવશે

ગાંધીનગર તા ૪

ગેમીની નવી લેબોરેટરી બાંધવા માટે ટુંકમાં જ બીજા તબક્કાનુ કામ હાથ ધરાશે. જેમાં વિવિધ રૂમ સહીત લેબોરેટરી માટે નવા અને અદ્યતન સાધનો ખરીદવા માટે પણ ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે. બીજા તબક્કાની કામગીરી આગામી ૬ મહીનામાં પુર્ણ કરી દેવાશે. ગેમીની લેબોરટેરી સહીત બિલ્ડીંગને અદ્યતન બનાવવા માટે અંદાજિત રૂ ૫ કરોડથી વધુ ખર્ચ અંદાજવામાં આવ્યો છે.

ગેમીમાં લેબોરેટ્રી બનાવવા માટે ફેઈસ -૧ નુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે ટુંકમાં જ ફેઈસ ૨ નુ કામ પણ શરૂ કરી દેવાશે. સેમિનાર હોલ ઉપરાંત જુદા જુદા રૂમ બનાવવા માટેની કામગીરી હાથ ધરાશે. જયારે આ કામગીરી પુર્ણ થતા હજુ ૬ મહીના લાગશે. લેબોરેટ્રીના રૂમ સહીત ફર્નિચરનુ કામ પણ હાથ ધરાશે. ગેમી લેબોરેટ્રીને અદ્યતન બનાવવા બન્ને તબકકામાં કુલ આ કામગીરી અન્વયે અંદાજિત રૂ ૫.૫૦ કરોડનો ખર્ચ થશે. આ ઉપરાંત લેબોરેટરી માટે અદ્યતન સાધનો ખરીદવા માટે પણ ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે. આ ઉપરાંત સે-૧૫ માં વિજ્ઞાન કોલેજમાં પણ લેબોરેટરીનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. હયાત બિલ્ડીંગ પર એક નવો માળ બાંધી દેવાયો છે. અગાઉ વર્ષ ૨૦૧૦ માં લેબોરેટરીનુ કામ હાથ ધરાયુ હતુ. જયારે સે-૨૮ એન્જિનિયરીંગ કોલેજમાં પણ વધુ એક નવો માળ બાંધવા માટે કામગીરી હાથ ધરાઈ છે.

## ઈફકો એ ક્ષેત્ર પરિક્ષણ માટે ભારતમાં પ્રથમ નેનો ટેકનોલોજી આધારિત ઉત્પાદનો રજૂ કર્યા છે

ગાંધીનગર, તા. ૪

વિશ્વની સૌથી મોટી ખાતરની સહકારી મંડળી




ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કોઓપરેટિવ લિમિટેડ (ઈફકો) તેની માતૃ સંસ્થા ગુજરાતમાં કલોલ એકમ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં નેનો નાઈટ્રોજન, નેનો ઝિંક, નેનો કોપર, ક્ષેત્ર પરિક્ષણ માટે રજૂ કરીને તેની 'નેનો-ટેકનોલોજી' આધારિત પ્રોડકટ રેન્જ રજૂ કરવાની જાહેરાત કરી છે. આ નેનો ઉત્પાદનોને સદાનંદ ગૌડા, કેન્દ્રીય મંત્રી, રસાયણ અને ખાતર, નરેન્દ્રસિંહ તોમર, કેન્દ્રીય મંત્રી, કૃષિ અને ખેડૂત કલ્યાણ, ગ્રામીણ વિકાસ અને પંચાયત રાજ મનસુખ માંડવીયા, કેન્દ્રીય મંત્રી, શિપિંગ (સ્વતંત્ર હવાલો)રાજ્ય પ્રધાન રસાયણો અને ખાતર; પુરૂષોત્તમ રૂપાલા, કેન્દ્રીય રાજ્ય મંત્રી, કૃષિ અને ખેડૂત કલ્યાણ અને પંચાયતી રાજ; નીતિન પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય જયેશ રાદડિયા, ખાદ્ય મંત્રી, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો, કુટીર ઉદ્યોગ, છાપકામ અને સ્ટેશનરી, ગુજરાત સરકાર, બી.એસ. નકઈ, ચેરમેન, ઈફકો; દિલીપ સંઘાણી, વાઈસ ચેરમેન, ઈફકો અને ડૉ. યુ.એસ. અવસ્થી, એમડી, ઈફકો તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં લોકાપર્ણ કરવામાં આવ્યું હતું.

### સાબદા રહેવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉંચાઈવાળા વિસ્તારોની યાદી પણ તૈયાર રાખવા જણાવ્યુ હતુ.

વાવાઝોડા બાદ અન્ય વિભાગો વચ્ચે પણ કામગીરીનું સુયોગ્ય સંકલન રહે તે માટે ખાસ આગ્રહ રાખ્યો હતો. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી રાવલ, જિલ્લાના અધિક નિવાસી કલેક્ટર જાડેજા તેમજ જિલ્લાના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગંદકી ઉલેચવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આંતરિક વિસ્તારમાં પણ આ પ્રકારનુ ઘાસ તેમજ વનસ્પતિ ઉગી નિકળતા વનતંત્રએ બિનજરૂરી ઘાસ તેમજ વનસ્પતિને દુર કરવા માટે સફાઈ અભિયાન હાથ ધર્યુ છે. વનતંત્ર દ્વારા વનઆરક્ષિત વિસ્તારની સુરક્ષા તેમજ દબાણો તેમજ ગંદકી ન થાય તે માટે અગાઉ ફેન્સીંગ પણ લગાવી હતી જો કે નગરના મુખ્યમાર્ગો આસપાસ કરવામાં આવેલી ફેન્સીંગમાં ઘણાં ઠેકાણે ગાબડા દુર કરવા પણ અનિવાર્ય છે. વન આરક્ષિત જગ્યામાં કેટલાક ઠેકાણે દબાણો તેમજ ગંદકી અસ્તિત્વમાં આવી છે. બીજીતરફ નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર કલરકોડ પ્રમાણે રોપાઓનો ઉછેર કરવામાં આવ્યો હતો જેના અંતે શહેરના ચ માર્ગ પર પીળા તેમજ ઘ માર્ગ પર લાલ ફુલો નિખરી ઉઠયા છે. બીજીતરફ વનતંત્ર દ્વારા વન આરક્ષિત જગ્યામાં સફાઈ કરવા માટે અભિયાન હાથ ધરાયુ છે. શહેરમાં વરસાદી દિવસોના અંતે વનતંત્ર હરકતમાં આવ્યુ છે. વરસાદી દિવસો બાદ વનતંત્રએ સુકા વૃક્ષોની કટોતી કરવા માર્કીંગ શરૂ કર્યુ છે. આગામી દિવસોમાં સુકા વૃક્ષોની કટોતી શરૂ કરી દેવાશે. અગાઉ પણ સુકા અને જોખમી વૃક્ષો દુર કરવા માટે વનતંત્રએ અભિયાન હાથ ધર્યુ હતુ. જયારે વન આરક્ષિત જગ્યામાં સફાઈની સાથે દબાણ અને ગંદકીની સમસ્યાને ડામવા માટે ફેન્સીંગના ગાબડા પુરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

### નુકસાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેમાં ૮૩૦ હેક્ટર જેટલો વિસ્તાર એવો જણાયો છે કે જ્યાં ૩૦ ટકા કરતાં પણ વધારે નુકશાન ખેતીને થયુ છે. મગફળી અને ડાંગરના પાકને વધારે નુકશાન થવા પામ્યુ છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ સપ્તાહના અંત સુધીમાં સર્વેની કામગીરી પૂર્ણ કરી અને સરકારને અહેવાલ મોકલી આપવામાં આવશે.

વીમા કંપની સમક્ષ વળતર માટે રજુ થયેલ અરજીઓ અંગે વીમા કંપની અલગથી સર્વે કરી અને કેટલુ વળતર આપવુ તે અંગેનો નિર્ણય લેશે. તંત્રની ટીમો દ્વારા અલગથી સર્વે ચાલી રહ્યો હોવાનું પણ જાણવા મળેલ છે.

જિલ્લામાં થયેલ કમોસમી વરસાદથી મગફળી અને ડાંગરના પાકને ભારે નુકશાનનો ભય સેવાઈ રહ્યો છે. આ ઉપરાંત કપાસ અને એરંડાના પાકને પણ નુકશાન થવા પામ્યુ છે.

કિસાન સેનાના શિવરામભાઈ ચૌધરીએ જણાવ્યુ છે કે સરકારે તાત્કાલિક ખેડૂતોને સહાય આપવી જોઈએ તેમજ સર્વેની કામગીરી પૂર્ણ થાય તે માટે રાહ જોવાની જરૂર નથી. ખેડૂતને તત્કાલ સહાય મળશે તો તે રવિ સીઝનની વાવણી માટે મદદરૂપ થશે.

### માર્કીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામગીરી હાથ ધરવામાં આવે છે. અગાઉ પણ સુકા વૃક્ષો દુર કરવા માટે તંત્રની ટીમ કામે લાગી હતી. ગત વર્ષોમાં સુકા વૃક્ષો જમીનદોસ્ત થવાના લીધે જાનહાનિથી થવાની સાથે નાગરિકોને ઈજા થઈ હોવાના પણ કીસ્સા છે. શહેરમાં હરિયાળા વૃક્ષોની સંખ્યા વિશેષ છે. પરંતુ વૃક્ષોના ટ્રીમીંગ તેમજ જોખમી વૃક્ષોની કટોતી મામલે હજુ અસરકારક કામગીરી થતી નથી.આ સ્થિતિ વચ્ચે શહેરમાં વરસાદી દિવસોમાં અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થતી હોવાનુ ધ્યાને આવે છે. જયારે રહેણાંક વિસ્તારમાં પણ સુકા અને ઉભા વૃક્ષોની સંખ્યા વધુ હોવાથી રહીશોમાં પણ તોતિંગ અને જોખમી વૃક્ષો દુર કરવા માટે અનેકવાર ફરિયાદો ઉઠવા પામે છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ આંતરિક રસ્તાઓ આસપાસ પણ સુકા વૃક્ષો જોખમી હાલતમાં છે. જયારે આગામી દિવસોમાં આ ભયજનક વૃક્ષોને દુર કરવા માટે વનતંત્રએ માર્કીંગ કરવાનુ શરૂ કરી દીધુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ વનતંત્ર દ્વારા સુકા જોખમી વૃક્ષોનુ માર્કીંગ શરૂ કરી દેવાયુ છે. માર્કીંગના અંતે સુકા વૃક્ષોની કટોતી કરી દેવાશે. શહેરમાં સુકા અને જોખમી વૃક્ષો દુર કરવા માટે ટીમ કામે લાગશે.

### દૂષિત પાણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉભરાતા અસહ્ય ગંદકી વચ્ચે ગુંગળામણ અનુભવતા રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. ગોકુળપુરા વિસ્તારમાં માળખાગત સુવિધાઓ ખાડે ગઈ છે. સફાઈ તેમજ રસ્તા પાણીના મામલે પણ અનેકવાર ફરિયાદો ઉઠવા પામે છે. જયારે છેલ્લા કેટલાક સમયથી આ વિસ્તારમાં ગટરો ઉભરાતા સ્થાનિક રહીશો ખદબદતી ગંદકીથી તોબા પોકારી ગયા છે. આ માટે અનેકવાર જવાબદાર તંત્રને રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાતા ન હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. ગોકુળપુરા વિસ્તારની સાથે સેકટરોમાં પણ ગટરો ઉભરાવાની ફરિયાદો આમ નાગરિકોના રોષનુ કારણ બની છે. ગટરલાઈનની સફાઈ માટે તંત્રએ બે નવા જેટીંગ મશીન પણ કામે લગાડ્યા છે. જેટીંગ મશીન થકી પણ સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ગોકુલપુરા વિસ્તારમાં ત્વરિત ગટર લાઈનની સફાઈ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામ્યો છે. ગોકુલપુરા વિસ્તારમાં રસ્તા પર ગટરના દુષિત પાણી ભરાઈ જતા અસહ્ય ગંદકી વચ્ચે સ્થાનિકોમાં રોગચાળાની દહેશત પ્રવર્તી છે.

### સ્થિતિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી બાજુ કોર્ટે હરિયાણા અને પંજાબ સરકારને પણ પ્રશ્નો કરીને ખેતરોમાં બિનઉપયોગી વસ્તુઓને સળગાવી દેવાના મુદ્દા પર પ્રશ્નો કર્યા હતા. ખેતરોમાં બિનજરૂરી કચરાને સળગાવી દેવાના મામલે પણ સુપ્રીમમાં મામલો આવ્યો હતો. સુપ્રીમ કોર્ટ હવે આ સમગ્ર મામલામાં બુધવારના દિવસે સુનાવણી કરશે.

## આજે કચ્છથી કામખ્યા સુધીની લાયન્સ ક્લબની સાયકલ રેલી ગાંધીનગર આવશે

લાયન્સ ક્લબ દ્વારા 'કચ્છ થી કામખ્યા' સુધીની સાયકલરેલી યોજવામાં આવી છે. જેનુ આવતીકાલે તા. ૫મી નવેમ્બર મંગળવારે સવારે ૮ કલાકે શહેરના ચ-૦ સર્કલે આગમન થશે. આ સાયકલરેલીનું લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા સ્વાગત અને સન્માનનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. ક્લબના ઈતિહાસમાં સૌથી મોટા પ્રજેક્ટ ગણાતા પ્રોજેક્ટ્સ પૈકી એક એવી આ સાયકલરેલીનો ઉદ્દેશ 'પાણી બચાવો, પ્લાસ્ટિકનો ઉપયોગ નહિ કરવો તેમજ ફળ આપતા વૃક્ષોનું વાવેતર કરવુ' જેવા વિષયે જાગૃતિ ફેલાવવાનો છે. રેલીમાં આર્મીના અધિકારીઓ, આઈપીએસ અધિકારીઓ, તબીબો સહિતની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ ભાગ લઈ રહી હોવાથી હાઈપ્રોફાઈલ સાયકલરેલી બની રહી છે જેમા ૧૨ સાયકલસવારો ૨૨ દિવસ સુધી સાયકલ ચલાવવાના છે.

### સામેલ નહી થાય

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતે એમ પણ કહ્યું હતું કે, આ સમજૂતિમાં ચીનની પ્રાથમિકતા હોવી જોઈએ નહીં. આનાથી ભારતને વેપારિક નુકસાનમાં વધારો થશે. એવા દિવસો જતા રહ્યા છે જ્યારે વેપારના મુદ્દાઓ ઉપર વૈશ્વિક શક્તિઓ દ્વારા ભારત ઉપર દબાણ લાવવામાં આવી રહ્યું હતું. આ વખતે ભારતે આક્રમક વલણ અપનાવીને વેપાર ખાધ પર ભારતની ચિંતાઓને દૂર કરવાની જરૂરિયાત ઉપર ભાર મુક્યો છે.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**જાહેર નિવિદા નં. ૦૫ સને ૨૦૧૯-૨૦**

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, બી વીંગ પાંચમો માળ સહયોગ સંકુલ સેક્ટર-૧૧, ગાંધીનગર દ્વારા મા. અને મકાન વિભાગ તેમજ સિંચાઈ ખાતામાં/ ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડમાં ઈ-૨ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઠેકેદારો પાસેથી અત્રેની કચેરી હસ્તકના મ. અને નિ. એમ-૧ ભાગ-૨ જુથ પાણી પુરવઠા યોજના અંતર્ગત પ્રતાપપુરા હેડ વર્કસ પર આવેલ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના ક્લેરીફલોક્યુલેટરના તળિયામાં રીપેરીંગના કામની અંદાજીત કિંમત રૂ. ૩,૭૬,૭૦૪.૦૯ માટે આવા કામો કરતી એજન્સીઓ પાસેથી રજી.પો.એડી./સ્પીડ પોસ્ટથી સીલ્ડ ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામના ટેન્ડરો માટે જરૂરી રજીસ્ટ્રેશન ઈ-૨, પાનકાર્ડ, જીએસટી નોંધણી સર્ટીફીકેટ, સોલવંશી સર્ટીફીકેટની નકલો અરજી સાથે ટેન્ડર ફી રૂ. ૬૦૦.૦૦ રજુ કર્યેથી કોરા ટેન્ડર ફોર્મ આપવામાં આવશે. બાનાની રકમ પેટે રૂ. ૩,૭૭૦.૦૦ની એફડીઆર/ડીડી રૂપે આપવાની રહેશે. ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૧૩/૧૧/૨૦૧૯ તથા ટેન્ડર પરત સ્વીકારવાની છેલ્લી તા. ૨૧/૧૧/૨૦૧૯ના રોજ રાખવામાં આવે છે. શક્ય હશે તો બીજા દિવસે ૧૨.૦૦ કલાકે ટેન્ડર ખોલવામાં આવશે. વધુ વિગતો કચેરી સમય દરમ્યાન મળી શકશે.

**ફોન નં. (૦૭૯) ૨૩૨૬૧૮૭૦**
**માહિતી/૧૪૧૪/૧૯-૨૦**

**ઓનલાઈન જાહેર નિવિદા નં. ૪, સને ૨૦૧૯-૨૦**

આથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં. ૨૬, પ્રથમ માળ, પાટનગર યોજના ભવન, સેક્ટર નં. ૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન નં. ૦૭૯ ૨૩૨ ૫૯૧૪૮ની કચેરીએથી કામ માટે ઈ-૨ વર્ગ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. જેની અંદાજી રકમ રૂ. ૨.૮૮ લાખ છે. જેના કામના ટેન્ડર ઓનલાઈન માંગવામાં આવે છે. ટેન્ડરના દસ્તાવેજો તથા શરતો અમારી વેબસાઈટ www.rnb. nprocure. com. ઉપરથી તા. ૦૬/૧૧/૨૦૧૯થી તા. ૧૮/૧૧/૨૦૧૯ના રોજ ૧૮.૦૦ કલાક સુધી જોઈ તેમજ અપલોડ કરી ભરી શકાશે. અમારી વેબસાઈટ ઉપરથી શક્ય હશે તો તા. ૧૯/૧૧/૨૦૧૯ના રોજ ૧૨.૦૦ કલાકે ટેન્ડર ઓનલાઈન ખોલવામાં આવશે.

ટેન્ડર ફી નો ડી.ડી., બાનાની રકમનો ડી.ડી. અથવા એફ.ડી.આર., પાન નંબર, સને ૨૦૧૯ના વર્ષનું બેંક સોલવંશી સર્ટિફીકેટ, જી.એસ.ટી. નંબર તથા પુર્વ પાત્રતા માટે જરૂરી યોગ્યતા અંગેના ડોક્યુમેન્ટ ઓનલાઈન મુકેલ ટેન્ડરમાં જણાવ્યા મુજબ ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં (સ્કેન કરીને) ટેન્ડર સાથે અચુક અપલોડીંગ કરવાના રહેશે, તેમજ આ ડોક્યુમેન્ટ (પ્રમાણિત કરીને) આ કચેરીમાં રજી. પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી તા. ૧૯/૧૧/૨૦૧૯થી તા. ૨૭/૧૧/૨૦૧૯ સુધીમાં કામકાજના સમય દરમ્યાન અસલમાં મોકલી આપવાના રહેસે. વધારાની માહિતી વિગતવાર નિવિદા માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે. આવેલ ટેન્ડરો પૈકી કોઈપણ એક કે બધા જ ટેન્ડરો સ્વિકારવા કે રદ કરવા તેનો હક્ક ખાતાને અબાધિત રહેશે. જેના કોઈ જ કારણો આપવામાં આવશે નહિ.

**માહિતી/૧૪૧૭/૧૯-૨૦**